For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સુરતમાં 80 કિ.મી.ની ઝડપે વાવાઝોડું, એકનું મોત

**તાપમાનમાં** વધારા અને માવઠાની આગાહી વચ્ચે હવામાનમાં અચાનક ફેરફાર

**છૂટાછવાયા** વરસાદી ઝાપટાં પડ્યાં, રાહદારીઓએ સલામત સ્થળ શોધવા પડ્યા

સુરતઃ સાંજ થતાં શહેરના આકાશમાં અચાનક કાળા વાદળો છવાઈ ગયા હતા. ત્યારબાદ શહેર તથા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં છુટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા. આ સાથે જ પવનની ઝડપ અચાનક વધી ગઈ હતી અને સાંજે આશરે 80 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાયો હતો.

...અનુસંધાન પાના 5 પર

### અડધો કલાક શહેર જાણે થંભી ગયું

ઝડપી પવનના કારણે શહેરમાં અડધો કલાક માટે સામાન્ય જનજીવન પર અસર જોવા મળી હતી. વાહન ચાલકો અને રાહદારીઓએ સલામતી માટે

...અનુસંધાન પાના 5 પર


ડુમસ સી ફેસ પર ખજૂરી ધરાશાયી

(તસવીર : હેમંત ડેરે)


કોઝવેનું પાણી રસ્તા પર આવી ગયું


વાવાઝોડાની અસર રસ્તા પર દેખાઇ

## ભારે પવન સાથે આવેલા મિનિ વાવાઝોડાએ સુરતમાં કહેર વર્તાવ્યો

# 50થી વધુ હોર્ડિંગ્સ તૂટી પડ્યાં

**ડુમસ સી** ફેસ પર વૃક્ષો ખેદાનમેદાન, પાલ-ગૌરવપથ રોડ પરની હોટેલ રોઝમેરિનસ રેસ્ટ્રોમાં આગ તાત્કાલિક બંધ કરાવાઇ

સુરત : શહેરમાં અચાનક આવેલા મિનિ વાવાઝોડાએ શહેરને ઘમરોળી નાંખ્યું હતું. તીવ્ર પવન અને ધૂળભરી આંધીએ અનેક વિસ્તારોમાં ભારે નુકસાન સર્જ્યું હતું. ઝાડ તૂટી પડવાના, હોર્ડિંગ ઉખડી જવાના, વીજ પોલ ધરાશાયી થવાના બનાવો મોટી સંખ્યામાં નોંધાયા હતા. આ વાવાઝોડા વચ્ચે પર્વત પાટિયા વિસ્તારમાં એક દુઃખદ ઘટના બની હતી. શાયોના પ્લાઝા નજીક મનપાનું દિશાસૂચક બોર્ડ તીવ્ર પવનના કારણે તૂટી પડ્યું હતું, જે સીધું જ એક આધેડ પર પડતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મૃતકની ઓળખ નિતીનભાઈ વાજા તરીકે થઈ છે, જે બરફ ગોળાની દુકાન ચલાવતા હતા. ઘટનાથી વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

વાવાઝોડાના કારણે શહેરમાં 50થી વધુ સ્થળોએ ઝાડ પડવાના બનાવો નોંધાયા હતા. અડાજણ વિસ્તારમાં ઝાડ પડતા રસ્તો બ્લોક થયો હતો, જ્યારે નાનપુરા પીપલ્સ પાસે વડનું મોટું ઝાડ ધરાશાયી થયું

...અનુસંધાન પાના 5 પર

### ડુમસ સી ફેસ પર વૃક્ષો ખેદાનમેદાન, કોઝવેનું પાણી રસ્તા પર રેલાયું

ભારે પવનની સૌથી વધુ અસર ડુમસ સી ફેસ પર દેખાઇ હતી. નવા જ બનેલા ડુમસ સી ફેસના વૃક્ષોનો દાટ વળી ગયો હતો. 10થી વધુ વૃક્ષ મૂળમાંથી ઉખડી ગયા હતા. જ્યારે વેલો પણ તૂટી પડી હતી. જ્યારે વિયર કમ કોઝવેનુ પાણી પણ ભારે પવનમાં હીલોળે ચડતા રસ્તા સુધી પાણી ફેલાઇ ગયા હતા.

### મુખ્ય ઘટનાઓ એક નજરે

- 50થી વધુ સ્થળોએ ઝાડ-શેડ તૂટી પડવાની ઘટના
- ટીમલીયાવાડ, વિશ્વકર્મા જંક્શન ખાતે હોર્ડિંગ્સ તૂટ્યું
- ડભોલી, નાનપુરા, અડાજણ સહિત વિસ્તારોમાં નુકસાન
- અડાજણ-રાંદેર-વેસુમાં વીજ પુરવઠો ખોરવાયો
- ઉત્રાણમાં ટ્રાન્સફોર્મર સળગ્યું
- એરપોર્ટ પાસે ટોલનાકાનું છાપરું પડતા મજૂર ઈજાગ્રસ્ત
- ડુમસ સી ફેસ અને પીપલોદ વિસ્તારમાં ભારે અસર
- પાલ, ગૌરવપથમાં હોટેલમાં આગની ઘટના
- પીપલોદ ગૌરવપથી લારીઓના પતરા ઉડયા, ખુરશી ટેબલો પણ ઉડયા
- ડુમસ સી ફેસ પર 10થી વધુ વૃક્ષો ઉખડી પડયા, અનેક વૃક્ષોનો સોથ વળી ગયો
- કોઝવેનું પાણી હિલોળા લઇને રસ્તા સુધી ફેલાયું
- વરાછા ઝોનમાં રૂદ્રાક્ષ એપાર્ટમેન્ટનો શેડ લટકી પડ્યો

## અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે સરખેજ-બાવળા હાઇવે પરથી કારમાંથી 500ના દરની 42 હજાર નકલી નોટ સાથે યોગગુરુ પ્રદીપ સહિત સુરતના સાતને પકડ્યા

# યોગગુરુ પ્રદીપ નકલી નોટ છાપતો હતો



**AI અને** ચાઈનીઝ પેપરનો ઉપયોગ કરી ચાલતું કૌભાંડ ઝડપાયું

**સુરતમાંથી** પણ 28 લાખ સહિત 2.38 કરોડની નકલી ચલણી નોટ મળી

**RBI** અને ભારત લખેલો સિક્યોરિટી થ્રેડ પેપર વિદેશી એજન્ટોના સંપર્કથી મંગાવાતો હતો

અમદાવાદ : અમદાવાદના અમરાઈ વાડીમાંથી ક્રાઈમબ્રાન્ચે અંદાજે 2.38 કરોડ રૂપિયાની નકલી ચલણી નોટો જપ્ત કરી એક મહિલા સહિત સુરતના 7 આરોપીઓની ધરપકડ કરી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે દરોડા દરમિયાન એક કારમાંથી 500ના દરની નકલી નોટોના મોટા જથ્થા સાથે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આ ફોર્ચ્યુનર કાર નંબર (GJ-05-RS-5252) પર Government of India તેમજ આયુષ મંત્રાલય

...અનુસંધાન પાના 5 પર

## સુરતમાં ચાલતી હતી ‘મિની બેંક નોટ પ્રેસ’

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું કે આ નોટો સુરતના કામરેજ તાલુકાના ધોરણ પારડી ગામે તાપી નદી કિનારે આવેલા યોગગુરુ પ્રદીપજીના આશ્રમમાં છપાતી હતી. આ યોગ ગુરુ ‘સત્યમ યોગ ફાઉન્ડેશન’ સાથે જોડાયેલો હોવાનીં ચોંકાવનારી વિગતો સામે આવી છે. . ક્રાઈમ બ્રાન્ચે સુરત પોલીસની મદદથી ત્યાં દરોડો પાડીને નોટો છાપવાનું મશીન, પ્રિન્ટર, લેપટોપ અને ખાસ પ્રકારનો કાગળ જપ્ત કર્યો છે.કારમાંથી લાકડાની ચાકડી પણ મળી આવી છે. આ નેટવર્કમાં અન્ય કોણ-કોણ સામેલ છે, તેની વધુ તપાસ શરૂ કરી છે. આ સમગ્ર કેસમાં હજુ વધુ મોટા ખુલાસાઓ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્વનું - ક્રાઈમ બ્રાન્ચની આ કામગીરીથી ભારતીય અર્થતંત્રમાં મોટા પાયે નકલી નોટો ઘૂસાડવાનું કાવતરું નિષ્ફળ ગયું છે. આ ટોળકીના આંતરરાજ્ય કે આંતરરાષ્ટ્રીય કનેક્શન અંગે અત્યારે ઊંડી તપાસ ચાલી રહી.

### અમદાવાદ અને સુરતથી આ ચીજો કબજે લેવાઇ

- અમદાવાદથી 2.10 કરોડની નકલી કરન્સી
- સુરતથી 28 લાખની નકલી કરન્સી
- 25 લાખની કિંમતની ફોર્ચ્યુનર કાર
- 16 રીમ સિક્યોરિટી પેપર, પ્રિન્ટર
- લેપટોપ, પેપર કટિંગ મશીન અને નોટો ગણવાનું મશીન

### આ રીતે મળ્યું નકલી ચલણી નોટનું કૌભાંડ

- 18 માર્ચ, 2026ના રોજ અમદાવાદ ક્રાઇમબ્રાન્ચને બાતમી મળી
- બાતમીના આધારે અમરાઈવાડી વિસ્તારમાં પોલીસે વોચ ગોઠવી
- બાતમી મુજબની સફેદ કાર દેખાતા તેને અટકાવી ઝડતી લીધી
- ફોર્ચ્યુનર કારમાંથી 500ના દરની નકલી નોટોના બંડલો મળી આવ્યા
- AI અને ચાઈનીઝ મટીરિયલના ઉપયોગની માહિતી સામે આવી

**મુખ્ય સૂત્રધારઃ** આ આખી ગેંગનો માસ્ટરમાઈન્ડ મુકેશભાઈ લાખાભાઈ ઠુમ્મર છે, જેણે સુરતમાં રહેણાંક મકાનમાં પ્રિન્ટિંગ સેટઅપ ઊભું કર્યું હતું. નોટો છાપવા માટે વપરાતો RBI અને ભારત લખેલો સિક્યોરિટી થ્રેડ પેપર ચાઈનીઝ વેબસાઈટ

...અનુસંધાન પાના 5 પર

### ધરપકડ કરાયેલા આરોપીઓની યાદી

- મુકેશભાઈ લાખાભાઈ ઠુમ્મર (રહે.77, ક્રિષણા રો હાઉસ સરથાણા જકાતનાકા, સુરત)
- અશોકભાઈ ધનજીભાઈ માવાણી (રહે. 140 અશોકવાટિકા સોસાયટી, કાપોદ્રા, સુરત)
- રમેશભાઈ વલ્લભભાઈ ભાલર (રહે. રહે. 25 અમરદીપ સોસાયટી, નાનાવરાછા, સુરત)
- દિવ્યેશ ઈશ્વરભાઈ રાણા (રહે. 473 બ્રાહ્મણ ફળિયું, બસ સ્ટેન્ડ પાસે અમરોલી, સુરત)
- પ્રદીપભાઈ દિલીપભાઈ જોટાંગીયા (સત્યમ દરગાહ સામે, ધોરણપારડી ગામ, સુરત)
- મહિલા આરોપી (કતારગામ, સુરત)
- ભરતભાઈ વાલજીભાઈ કાકડીયા (અયોધ્યાપુરમ સોસાયટી, વરાછા રોડ, સુરત)

# શ્રમિકોની હિજરત રોકવા મિલોમાં ફ્રી રસોડા શરૂ

**કલેક્ટર** હંગામી ધોરણે વેચાણથી ગેસ સિલિન્ડર આપે

**સચિન** ઇન્ડસ્ટ્રિયલ સોસાયટીનો કલેક્ટરને પત્ર

સુરતઃ સચીન જીઆઈડીસીમાં કોમર્શિયલ LPG ગેસ સપ્લાય ખોરવાતા મિલોમાં કામ કરતાં હજારો શ્રમિકોને રોજિંદું ભોજન બનાવવામાં મુશ્કેલી પડી રહી છે. જેથી કામદારો મોટી સંખ્યામાં હિજરત કરે તેવો ભય ઊભો થયો છે. આ સંજોગોમાં સચીન ઇન્ડસ્ટ્રિયલ કો-ઓપરેટિવ સોસાયટીના પ્રમુખ કિશોરભાઈ પટેલ, સેક્રેટરી મયૂર જે.ગોળવાલા અને નોટીફાઇડ ચેરમેન મિતુલ મેહતાએ કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે કે, જો કામદારોની હિજરત રોકવા કોમર્શિયલ ગેસ સિલિન્ડર ફાળવણી થાય તો મિલો રસોડા શરૂ કરી વિના મૂલ્યે ભોજન આપવાની વ્યવસ્થા કરશે. ડાઈંગ-પ્રિન્ટિંગ મિલો અને એની એકમોના માલિકો કામદારો માટે રસોડા શરૂ કરવા તૈયાર છે. કલેક્ટર હંગામી ધોરણે વેચાણથી ગેસ સિલિન્ડર આપે તો આ સમસ્યા હળવી થઈ શકે છે.

તેમણે કરેલી રજૂઆત મુજબ સચીન ઔદ્યોગિક વસાહતમાં અંદાજે 60 જેટલી ડાઈંગ અને પ્રિન્ટિંગ મિલો કાર્યરત છે જેમાં આશરે 2 લાખ કામદારો કામ કરે છે. મધ્યપૂર્વમાં યુદ્ધના

...અનુસંધાન પાના 5 પર

## અગ્રવાલ ગેસ એજન્સી પર પુરવઠા વિભાગના દરોડા

# વડોદમાંથી 35 ભરેલા અને 205 ખાલી સિલિન્ડર કબજે

**મજૂરા** મામલતદાર કચેરી અને પુરવઠા વિભાગની સંયુક્ત કાર્યવાહી

**મોટા** પ્રમાણમાં ગેસ સિલિન્ડર જપ્ત, સંચાલકની પૂછપરછ શરૂ

સુરતઃ 18 માર્ચ 2026ના રોજ મજુરા મામલતદાર કચેરી અને પુરવઠા વિભાગની ટીમ દ્વારા કોમર્શિયલ ગેસ ગોડાઉન પર રેડ કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન મોટા પ્રમાણમાં ગેસ સિલિન્ડરો જપ્ત કરવામાં આવ્યા છે, જેના કારણે ગેસ એજન્સીઓમાં હલચલ મચી ગઈ છે.

આ દરોડા દરમિયાન દરમિયાન સ્થળ પરથી અગ્રવાલ ગેસ એજન્સી વડોદા સાથે સંકળાયેલા સુપર ગેસના કુલ 35 ભરેલા સિલિન્ડર, ભારત ગેસનો 1 ભરેલો સિલિન્ડર તેમજ સુપર ગેસના 205 ખાલી સિલિન્ડર મળી આવ્યા હતા. અધિકારીઓએ તમામ સિલિન્ડરો કબ્જે કરીને વધુ તપાસ હાથ ધરી છે. આ કાર્યવાહી બાદ ગોડાઉનના સંચાલકની વિગતવાર પૂછપરછ શરૂ કરવામાં આવી

...અનુસંધાન પાના 5 પર

## રહેણાંક વિસ્તારમાં ચાલતા એમ્બ્રોઇડરી ખાતામાંથી 11 કામદારને બચાવાયા

# કાપોદ્રામાં આગ બાદ ત્રણ સિલિન્ડર બ્લાસ્ટ: બેનાં મોત

**ગીચતા** વચ્ચે ધમધમતા ત્રણ માળના મકાનમાં આગ લાગતાં આખૂં મકાન ખાખ થઇ ગયું

ચાર કલાકની ભારે જહેમત બાદ આગ કાબૂમાં આવી



સુરત : શહેરમાં રહેણાંક વચ્ચે ધમધમતી ઈન્ડસ્ટ્રિઝના કારણે મોટી દુર્ઘટના અને સ્થાનિક લોકોના જીવનું જોખમ હોવાની અનેક વખત બુમરાણ છતા મનપાનુ તંત્ર આંખ મીચીને બેઠુ છે, ત્યારે વરાછા ઝોનના લંબેહનુમાન રોડ વિસ્તારમાં ગીચતા ધરાવતા ભરતનગરમાં વહેલી સવારે આગ લાગતા ત્રણ ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થયા બાદ આગ વધુ ભીષણ બની હતી. જેમાં ત્રીજા માળની અગાસી ઉપર બનાવવામાં આવેલી ગેરકાયદે પતરાની રૂમની અંદર 13 કારીગરો ફસાય ગયા હતા. જેની જાણ થતાં ફાયર બ્રિગેડના જવાનો ત્યાં પહોંચી ગયા હતા અને આગ ઓલવવાની સાથે ફસાયેલા લોકોને બહાર કાઢવાની કાર્યવાહી શરુ કરી હતી. આ દુર્ઘટનામાં આગમાં દાઝી જવાથી અને ગૂંગળામણ થવાથી બે કારીગરોના મોત નિપજ્યા હતા. જયારે અન્ય 11 જેટલા કારીગરોને ફાયર જવાનોએ બચાવી હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. વિસ્તૃત વિગતો મુજબ

...અનુસંધાન પાના 5 પર

### દીવાલો તોડવી પડી, કેટલાક શ્રમિકો બેહોશ હતા, આઠ સિલિન્ડર મળી આવ્યા

ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે 9 પૈકી ત્રણ ગેસ સીલિન્ડરો બ્લાસ્ટ થયા ગયા હતા. જેને કારણે આગ ઝડપથી ત્રીજા માળ સુધી પ્રસરી ગઈ હતી. ફાયરબ્રિગેડના જવાનો દ્વારા જીવના જોખમે આગને કાબુમાં કરવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. જયારે ત્રીજા માળની

...અનુસંધાન પાના 5 પર

### બિલ્ડિંગમાં 22 લોકો રહે છે, ત્યાં જ રસોઇ બનાવે છે

બિલ્ડિંગમાં કુલ 22 લોકો રહેતા હતા અને તેમાં ત્રણ માળ છે. ત્યાં એમ્બ્રોઈડરી અને સિલાઈનું કામ થાય છે અને મજૂરો ત્યાં જ કામ કરીને, ત્યાં જ જમવાનું બનાવીને સૂતા હોય છે. ગઈકાલે રાત્રે સાડા ચાર વાગ્યાની આસપાસ એક શોર્ટ સર્કિટ થયું હતું. તે શોર્ટ સર્કિટના કારણે ત્યાં રાખેલા કપડામાં આગ લાગી અને આગ લાગવાના કારણે

...અનુસંધાન પાના 5 પર

### સિલિન્ડર બ્લાસ્ટને કારણે રેસ્ક્યુમાં મુશ્કેલી પડી : રણજીત સિંહ, ડિવિઝનલ ફાયર

ડિવિઝનલ ફાયર ઓફીસર રણજીતસિંહ ખડિયાએ જણાવ્યું હતું કે, અમે વહેલી સવારે ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે આગ ભીષણ હતી. સિલિન્ડર બ્લાસ્ટને કારણે રેસ્ક્યૂમાં મુશ્કેલી પડી હતી, તેમ છતાં ટીમે પતરા તોડીને ફસાયેલા તમામ લોકોને બહાર કાઢ્યા હતા. હાલમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો છે અને પોલીસ વિભાગ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. હાલ આગ તો કાબુમા આવી ગઈ છે પણ બે ગાડીઓને સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.

# મોપેડ હંકારનાર ૧૨ વર્ષના બાળક અને 3 વર્ષની બાળકીનું અકસ્માત મોત

**ખગોળ** ગામની સીમમાંથી પસાર થતી વેળા બનેલી ઘટના

સોનગઢઃ સોનગઢના ખગોળ ગામની સીમમાં પૂરઝડપે જતી મોપેડ સ્લિપ થઈ જતાં ચાલક સગીર અને તેની સાથે સવાર ૩ વર્ષની માસૂમ બાળકીનાં કરુણ મોત નીપજ્યાં હતાં.

મળી વિગત મુજબ સોનગઢના ખગોળ ગામના પાટલી ફળિયામાં અમીતભાઈ ગામીત રહે છે. જેમની ૩ વર્ષની પુત્રી નીત્યાકુમારીને તેમના જ કુટુંબી ભાઈ સ્મીતકુમાર સંદિપભાઈ કોકણી (ઉં.વ.૧૨) આંગણવાડીએથી તેડીને મોપેડ નં.(GJ-26-AG-8443) પર પરત ઘરે લાવી રહ્યો હતો. બપોરે આશરે એકાદ વાગ્યાના અરસામાં ખગોળ ગામથી ઘુટવેલ પાટિયા તરફ જતા રોડ પર વળાંક પાસે સ્મીતકુમારે મોપેડ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. પૂરઝડપે જતું વાહન રોડની સાઈડમાં ઊતરી જઈ અકસ્માત સર્જાતાં નીત્યાકુમારીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી

...અનુસંધાન પાના 5 પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



‘ઉત્તરક્રિયા’



સ્વ. માલવિકાબેન રામચંદ્રભાઈ શાહુકાર, સ્વ. તા.૧૬/૦૩/૨૦૨૬ ફાગણ વદ બારસ

દિલગીરી સહ જણાવવાનું કે મારા પત્ની માલવિકાબેન રામચંદ્રભાઈ શાહુકાર તા. ૧૬/૦૩/૨૦૨૬ના સોમવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

‘‘પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના’’

સદ્‌ગત ઉત્તરક્રિયા : દશમા વિધિઃ ચૈત્ર સુદ સાતમને બુધવારે સવારે ૮:૦૦ કલાકે તાપી નદી કિનારે રાખેલ છે.

તેરમા વિધિ : ચૈત્ર સુદ દશમને શનિવારે (નિવાશ સ્થાને) સવારે ૯:૦૦ કલાકે.

લિ.

રામચંદ્રભાઇ હરિરાવ શાહુકાર (પતિ)

ભાવેશભાઈ રામચંદ્રભાઈ શાહુકાર (પુત્ર) - હર્ષાબેન ભાવેશભાઈ શાહુકાર (પુત્રવધુ)

વૃતિકાબેન શ્રીપાદ નાઇક (પુત્રી) - શ્રીપાદ રવિન્દ્રભાઇ નાઇક (જમાઈ)


સમસ્ત શાહુકાર પરિવાર

સી-૧૧, ડાહ્યાપાર્ક સોસાયટી, મુ.પો. માંડવી, તા. માંડવી, જિ. સુરત.
મો. 99132 07428, 96249 78890



પ્રથમ માસિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલિ...



પરિવાર જેનું મંદિર હતું,
સ્નેહ જેની શકિત હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભકિત હતી,
ધર્મ કદી ભૂલ્યા નહિં,
વ્યવહાર કદી ચૂક્યા નહિં,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા
એવા દિવ્ય આત્માને
પ્રભુ શાંતિ આપે એ જ પ્રાર્થના

સ્વ. દિનેશચંદ્ર બાબુભાઈ મેવાવાળા

જન્મ તા. ૦૭.૦૨.૧૯૫૪
સ્વ.તા. ૨૦.૦૨.૨૦૨૬

લિ.

ગં.સ્વ. છાયાબેન દિનેશચંદ્ર મેવાવાળા
ઋષિ દિનેશચંદ્ર મેવાવાળા – ક્રિષ્ના ઋષિ મેવાવાળા
સૌરભ મનહરભાઈ વાદી – શ્રેયા સૌરભ વાદી
દર્શ – ધ્યાના – ખનક
તથા સમસ્ત મેવાવાળા પરિવાર